પાવરગ્રીડની અવળચંડાઈ સામે ખેડૂતોમાં ભારે રોષ

સેવણીમાં ધરણા સાથે જગનો તાત લડી લેવાના મૂડમાં

ખાંડનો ભાવ વધારવો, ખાતર અને ડિઝલનો ભાવ વધારો, પીયતનું પાણી ઉદ્યોગોને આપવા સહિતના અનેક પ્રશ્ને ખેડૂતો આક્રમક બન્યા

વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકાના સેવણી ગામે ખેડૂતના ખેતરમાં ખેડૂત સમાજના નેજા હેઠળ મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ ખેડૂતોની ઉપસ્થિતિમાં પાવરગ્રીડ કોર્પોરેશનની મીલીભગત સામે ધરણા કરવામાં આવ્યા હતા.

સેવણી ગામની હદમાંથી વટામણથી નવસારીની પાવરગ્રીડની વીજ ટ્રાન્સમીશન લાઈનની 765 કેવી લાઈન પસાર થવાની છે. જે લાઈનની દિશા બદલાઈ જતાં ગામના ખેડૂત હિરેન નટવરભાઈ પટેલના ખેતરમાંથી પાવરગ્રીડની મીલી ભગતના લઈને પસાર થતાં ખેડૂત સમાજના નેજા હેઠળ સોમવારના રોજ ખેડૂતના ખેતરમાં સવારથી ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ ખેડૂતો ભેગા થયા હતા.જ્યાં વિવિધ બેનરો સાથે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. બાદમાં ખેડૂત આગેવાનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાથે સાથે ખેડૂતોએ પાવરગ્રીડ પર મિલીભગતના પુરાવા સ્વરૂપે વટામણ નવસારી વીજ ટ્રાન્સમિશન લાઇનના જૂના તેમજ નવા એમ બંને નકશા ધરણા સ્થળ પર બેનર પર છપાવીને મૂક્યા હતા. જેમાં નકશામાં લાઇનની દિશા બદલાઈ ગયેલી સ્પષ્ટ દેખાઈ રહી હતી. જે જોઈ ધરણામાં હાજર રહેલા ખેડૂતો અસરગ્રસ્ત ખેડૂતના સહકાર માટે મક્કમ થયા હતા અને સૌ ખેડૂતોએ મક્કમતાથી લડી લેવા જુસ્સો બતાવ્યો હતો.

આ અંગે સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલે જણાવ્યુ હતું કે આ ધરણા અમારી લડતના વિરોધના પ્રતિક માત્ર છે. આ ધરણા પ્રદર્શન દ્વારા એક સંદેશ આપવામાં આવે છે કે પાવરગ્રિડની આ મિલીભગત ચાલવાની નથી. જો અમારા સંદેશને અવગણવામાં આવશે તો અમારી લડત વધુ ઉગ્ર બનશે અને રણનીતિ બનાવી વધુ જલદ કાર્યક્રમો આપવામાં આવશે. પાવરગ્રીડ શાનમાં સમજીને જે મૂળ નકશો છે એ પ્રમાણે વર્તવાનું શરૂ કરે.

આખા જિલ્લાના ખેડૂતોમાં પાવરગ્રીડ વિરોધી ખૂબ મોટો આક્રોશ વ્યાપી રહ્યો છે. ખેડૂતો આ ખેડૂત વિરોધી નીતિઓથી હેરાન થઈ ગયા છે. ધરણામાં આગેવાનોએ અને ખેડૂતોએ ખાંડની MSP વધારવી, ખાતરમાં અસહ્ય ભાવવધારો થવો, નહેરમાંથી પિયતનું પાણી ઉધોગોને ન આપવું, ડીઝલનો ભાવવધારો જેવા અનેક પ્રશ્નો રજૂ કર્યા હતા.

અંબિકાના વહેવલમાં હીરાના કારખાનામાં ચોરી

અનાવલ : અંબિકા તાલુકાના વહેવલ ગામના હટવાડા ફળિયામાં આવેલ વિનુભાઈ ડાબોરિયાના હીરાના કારખાનામાં ચોરીની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો રાત્રિના સમયે કારખાનામાં ઘૂસી વજનદાર તિજૂરી જ ઉઠાવી લઈ ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ તિજોરીમાં રાખેલા અંદાજિત રૂ. ૩થી ૩.૨૫ લાખના હીરાની ચોરી થઇ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ચોરી અંગે અનાવલ પોલીસ મથકે અરજી આપવામાં આવી છે. પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેક્નિકલ, હ્યુમન સોર્સિસના આધારે તસ્કરો સુધી પહોંચવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

ભરૂચ જિલ્લાની 8 તા.પં.માં ભાજપ, વાલિયામાં AAP સત્તાનાં સૂકાને

આપના એક, અપક્ષ ઉમેદવાર અળગા રહ્યા

ભરૂચ: ભરૂચ જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીઓ યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીએ ભરૂચ, જંબુસર અને આમોદ તાલુકા પંચાયતમાં સ્પષ્ટ બહુમતી મેળવીને પોતાનો કબજો યથાવત રાખ્યો છે, જ્યારે વાલિયા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીએ જીત હાંસલ કરી છે. ભરૂચ તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી મનીષા મનાણીની ઉપસ્થિતિમાં યોજાયેલી ચૂંટણીમાં હેમાક્ષી ગૌરાંગ પટેલ પ્રમુખ અને ભાડભૂત બેઠકના લક્ષ્મી કાલિદાસ ટંડેલ ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તરીકે માર્મિક ગૌતમ પટેલ, પક્ષના નેતા તરીકે રાકેશ સરવણ ગોહિલ, દંડક તરીકે વિરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રાજની વરણી કરવામાં આવી છે.

જંબુસર તાલુકા પંચાયતમાં કિરણબા સંજયસિંહ યાદવ પ્રમુખ, પ્રકાશભાઈ જસવંતસિંહ પઢિયાર ઉપપ્રમુખ ચૂંટાયા. કારોબારી અધ્યક્ષ પદે એચ.કે.પટેલ, પક્ષના નેતા તરીકે કલ્પેશભાઈ ગોહિલ અને દંડક તરીકે પ્રદીપસિંહ લક્ષ્મણસિંહની નિમણૂક કરાઈ છે. વિરોધ પક્ષ કોંગ્રેસના ઉમેદવારો ફજીલા બાનું (પ્રમુખ), મુમતાઝ યુસુફ (ઉપપ્રમુખ)ને 6-6 મત મળ્યા. નોંધનીય છે કે આપના ઉમેદવાર સોહીલભાઈ મલેકે કોઈપણ પક્ષને મત ન આપ્યો. આમોદ તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી સચિન શાહની અધ્યક્ષતામાં યોજાયેલી ચૂંટણીમાં 16 સીટના વિજેતા સભ્યો હાજર રહ્યા. ભાજપના રાજદીપસિંહ દાયમાને 12 મત મળતા તેઓ પ્રમુખ બન્યા, જ્યારે વિજયભાઈ ઠાકોરને પણ 12 મત મળી ઉપપ્રમુખ પદ મળ્યું. અપક્ષ સભ્ય ઇકબાલ પટેલ તટસ્થ રહ્યા. વાલિયા તાલુકા પંચાયતમાં જિલ્લામાં એકમાત્ર આમ આદમી પાર્ટીના બહુમતીવાળા આ તાલુકા પંચાયતમાં પ્રમુખપદે રાજુભાઈ ઈશ્વરભાઈ વસાવા અને ઉપપ્રમુખ તરીકે વિનયભાઈ બીજલભાઈ વસાવાની વરણી કરવામાં આવી છે.

અંકલેશ્વર તાલુકા પંચાયતનમાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ વરાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા આજે પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા અગાઉ જાહેર કરાયેલા મેન્ડેટ અનુસાર પ્રમુખ પદ માટે વિવેક ભરડીવાલા તથા ઉપપ્રમુખ પદ માટે યોગીતા દેવધરાના નામ રજૂ કરવામાં આવ્યા હતા. સામે પક્ષે કોઈ ઉમેદવારી નોંધાઈ ન હોવાથી બન્ને હોદ્દેદારો બિનહરીફ વરાયા હોવાનુ જાહેર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે કિરીટ માસ્ટર તથા દંડક તરીકે સેજલસિંહ વાંસિયાના નામની પણ વરણી કરવામાં આવી હતી. વરણી જાહેર થતાં ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખનું ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ હતુ તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તાલુકા પંચાયતની નવી ટીમ જાહેર થતા જિલ્લા રાજકારણમાં પણ ચહલપહલ જોવા મળી રહી

આશ્ચર્યમ! નેત્રંગ તા.પં.ની સત્તા મેળવવા ભાજપને કોંગ્રેસે મદદ કરી

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: સ્થાનિક સ્વરાજ્યની નેત્રંગ તાલુકા પંચાયતની યોજાયેલી ચૂંટણીનું પરિણામ આ મુજબ હતુ.કુલ ૧૬ બેઠકો માંથી આપ આદમી પાર્ટીની સૌથી વધુ ૮ બેઠક પર જીત થયેલ,જયારે ભાજપની ૭ બેઠકો પર જીત થયેલ અને ૧ બેઠક ઉપર કોગ્રેસની જીત થઈ હતી.તાલુકા પંચાયતનું સુકાન આપ પાર્ટી ને ફાળે જાય તેમ હતું, પરંતુ તેના એક જીતેલા ઉમેદવારનું અવસાન થતાં સમીકરણો બદલાયા હતા. તેમ છતાં પણ આપ અને કોંગ્રેસ ભેગા મળી સતાનું સુકાન હાથમાં લેશે તેવું તાલુકાના મતદારોમાં ચર્ચાઇ રહ્યું હતું, આજે તા.૨૫ના રોજ યોજાયેલી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપને કોંગ્રેસે ટેકો જાહેર કરતાં ભાજપના મગનભાઈ જાદવભાઈ વસાવા ટીંમરોલીયા વાળા પ્રમુખ તરીકે તેમજ કોંગ્રેસના નયનાબેન પ્રજાપતિ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા આવ્યા હતા.

ભરૂચ જિલ્લામાં નવ તાલુકા પંચાયતના નવા પ્રમુખ-ઉપપ્રમુખનાં નામો

ભરૂચ તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ- હેમાક્ષીબેન પટેલ
ઉપપ્રમુખ- લક્ષ્મીબેન ટંડેલ
આમોદ તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-રાજદીપસિંહ દાયમા
ઉપપ્રમુખ-વિજયભાઈ ઠાકોર
જંબુસર તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-કિરણબા યાદવ
ઉપપ્રમુખ- પ્રકાશભાઈ પઢીયાર
અંકલેશ્વર તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-વિવેક ભરડીવાલા
ઉપપ્રમુખ-યોગીતાબેન દેવધરા
હાંસોટ તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-વિશાલ પટેલ
ઉપપ્રમુખ-સ્મિતાબેન વસાવા
વાગરા તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-જયાબા રણા
ઉપપ્રમુખ-અશોકભાઈ ઠાકોર
ઝઘડીયા તાલુકા પંચાયત (ભાજપ)
પ્રમુખ-સરસ્વતીબેન વસાવા
ઉપપ્રમુખ-નરેન્દ્રભાઈ પટેલ
વાલિયા તાલુકા પંચાયત (આપ)
પ્રમુખ-રાજુભાઈ વસાવા
ઉપપ્રમુખ-વિનયભાઈ વસાવા
નેત્રંગ તાલુકા પંચાયત (ભાજપ અને કોંગ્રેસ ગઠબંધન)
પ્રમુખ-મગનભાઈ વસાવા
ઉપપ્રમુખ-નયનાબેન

તરસાડીમાં પાણીના મુદ્દે પાલિકાને લોકો 'પાણી' બતાવવાના મૂડમાં

વારંવારની રજૂઆતો પછી પણ પરિણામ શૂન્ય જ રહેતા મહિલાઓમાં રોષ ભભૂક્યો, પાણીની લાઇન જૂની હોવાથી માત્ર 10 ટકા જ પાણી મળે છે

ઈબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળ તાલુકામાં તરસાડી નગરપાલિકા હદ વિસ્તારના વોર્ડ નંબર ૩ના ચિસ્તી નગર ખાતે ભર ઉનાળે પાણીની રામાયણ સર્જાતા મહિલાઓમાં આક્રોશ જોવા મળ્યો હતો.

તા. 11મીના રોજ તરસાડી નગરપાલિકાના ચીફ ઓફિસરને કોર્પોરેટર અશરફ શેખે કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું હતું કે વોર્ડ નંબર 3 ચિશ્તી નગર તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં લાંબા સમયથી જીવન જરૂરિયાત પાણી ઘણા ઓછા દબાણથી મળતા વિસ્તારના લોકોને પૂરતું પાણી નહીં મળતા લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ચિશ્તી નગર ખાતે બાવા આદમના સમયથી નાખવામાં આવેલી પાણીની લાઈન આજની વધેલી વસતીની માત્રામાં ઘણી નાની પડે છે. પાણીના બોરની સંખ્યા પણ ઓછી છે. વિસ્તારમાં નવા બોર કરાવવાની પણ ખાસ જરૂર છે. વારંવાર લોકો દ્વારા તેમજ ચૂંટાયેલા કોર્પોરેટરો દ્વારા પાલિકામાં રજૂઆત કરવામાં આવે છે. પરંતુ કોઈક કારણસર પાલિકાના સત્તાધીશો આ વિસ્તારમાં સુવિધા ઉપલબ્ધ કરવા માટે આંખ આડા કાન કરતાં વિસ્તારની જનતા ભારે પરેશાની ભોગવે છે. પાણી પૂરતા દબાણથી નહીં મળતા લોકોને આખા દિવસમાં પાણી 10% જ મળતું હોવાથી વિસ્તારની મહિલાઓ હવે ભારે રોષે ભરાઈ છે. જો ટૂંક સમયમાં પૂરતું પાણી નહીં મળે તો નગરપાલિકા સામે મહિલાઓ તેમજ વિસ્તારના લોકો પાણી મેળવવા માટે પાલિકાને પાણી બતાવશે તેવી ચર્ચા રોષે ભરાયેલી મહિલાઓમાં સાંભળવા મળી હતી.

પાલિકા પરિણામ ભોગવવા તૈયાર રહે: અશરફ શેખ

હથોડા : તરસાડી નગરપાલિકામાં વોર્ડ નંબર ત્રણના ચિશ્તી નગર ખાતે બહુમતી મુસ્લિમ વસતી આવેલી છે. જો ટૂંક સમયમાં પાલિકા દ્વારા સુવિધા આપવામાં નહીં આવે તો પાલિકા સમક્ષ લોકો મોરચો માંડશે. કોઈ ગંભીર પરિણામ આવશે તો જવાબદારી નગરપાલિકાના ચીફ ઓફિસરની રહેશે તેવું કોર્પોરેટર અશરફ ઈમ્તિયાઝ શેખે આક્રોશ સાથે જણાવ્યું હતું.

બારડોલીમાં ચોથા માળે અચાનક ઢળી પડતાં શ્રમિકનું મોત

બારડોલીઃ મૂળ બારડોલીના તલાવડી વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય સાબીર શકુર શેખ મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગત ૨૪મી મે ૨૦૨૬ના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યા પહેલા તેઓ અક્ષાનગર ખાતે આવેલા ફેબીદા એપાર્ટમેન્ટમાં મજૂરી અર્થે ગયા હતા. અહીં ચોથા માળે રહેતા વેપારી ઐયુબ ઈસ્માઈલભાઈ મેમણના ઘરે તેઓ ડુંગળીની બોરીઓ ચઢાવી રહ્યા હતા. દરમિયાન ફેબીદા એપાર્ટમેન્ટના પગથિયા પર સામાન ચઢાવતી વખતે અચાનક જ સાબીરભાઈની તબિયત બગડી ગઈ હતી અને તેઓ ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઐયુબ ઈસ્માઈલભાઈ મેમણ દ્વારા બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બગુમરામાં પત્નીની હત્યા કરી ભાગી ગયેલો યુવક દિલ્હીથી ઝડપાયો

પલસાણા : ગત 17મી મે 2026ના રોજ બગુમરા ગામે મહદેવી વિલાના રૂમ નંબર 506માં મૈવીશ ખાતૂન અફજલ અલી (ઉ.વ.22, મૂળ રહે શિવપાલ, તા. જલાલપુર, જિ. આંબેડકર નગર, ઉત્તરપ્રદેશ)ની કોઈ અજાણ્યા ઇસમે ગળુ દબાવી હત્યા કરી હતી. આ બાબતે પ્રથમ અકસ્માત અને પીએમ બાદ હત્યાનો ખુલાસો થતાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસને મૃતક યુવતીના પતિ પર શંકા હોય દરમિયાન સુરત જિલ્લા એલસીબી અને પલસાણા પોલીસની ટીમ મૃતકના પતિ શિવમ રણજીતસિંહ ઠાકુર (ઉ.વ.25) ને શોધવા માટે દિલ્હી રવાના થઈ હતી. શિવમ ઠાકુર જૂની દિલ્હી રેલ-વે સ્ટેશનથી પોતાના વતનમાં નાસી જવાની ફિરાકમાં હતો ત્યારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. તેણે કબૂલ્યું હતું કે પોતે સોશિયલ મીડિયામાં કોઈ મહિલા સાથે સંપર્કમાં હોય જેની જાણ મારનાર પત્ની મૈવીશને થઈ જતાં જે બાબતે બંને વચ્ચે ઝઘડો થતો હતો. જેમાં બનાવ વખતે પણ આજ વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થતો ગળુ દબાવી હત્યા કરી નાખી હતી અને હત્યા બાદ તે દિલ્હી ખાતે પહોંચી ત્યાંથી વતન જવાનો હતો.

સાયણમાં શ્રમિકની પત્નીનો ફાંસો ખાઈ આપઘાત

સાયણઃ મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યનાં કાનપુર જિલ્લાનો શ્રમિક પંકજ રમેશભાઈ ગૌતમ હાલમાં સાયણ ટાઉનની નિલમનગર-૦૨ સોસાયટીનાં સોહમ કોમ્પલેક્સની સામે આવેલા કમલબહેન શ્રીરામ પવારના ભાડાના ફ્લેટમાં બીજે માળેરહેતો હતો. તેની પત્ની પિંકી (ઉં.વ.૩૦)એ સોમવારે સવારે-૮:૩૦ થી ૧૧:૦૦ વાગ્યાનાં સમય દરમિયાન કોઈ અગમ્ય કારણસર ફ્લેટના રસોડામાં પંખા સાથે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બાબતે ઓલપાડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૨/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- મોહમદ યુસુફ બના, રહે.તડકેશ્વર, થાણા ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ (૧૩૪૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મોહમદ યુસુફ બના, રહે. તડકેશ્વર, થાણા ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે મોહમદ યુસુફ બનાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહમદ યુસુફ બના ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૫૨ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોહમદ યુસુફ બનાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં તો આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૭૪/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- ઝફરઅહમદ સુલેમાન નાખુદા, રહે.તડકેશ્વર, રોડ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઝફરઅહમદ સુલેમાન નાખુદા, રહે. તડકેશ્વર, રોડ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે ઝફરઅહમદ સુલેમાન નાખુદાના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઝફરઅહમદ સુલેમાન નાખુદા ૨. જન્મ તારીખ: ૦૭/૦૬/૧૯૭૧ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઝફરઅહમદ સુલેમાન નાખુદાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

વાદી :- સાબીર મહંમદ સાદીક શેખ, રહે.૪૫૩૯, ચિશ્તીનગર, જલારામ એપાર્ટમેન્ટ રોડ, મુ.તરસાડી, પો.કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦.

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૬૨/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વિરુધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ સબરજીસ્ટ્રાર તરસાડી નગરપાલિકા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦

વિષય : જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સાબીર મહંમદ સાદીક શેખ, રહે.૪૫૩૯, ચિશ્તીનગર, જલારામ એપાર્ટમેન્ટ રોડ, મુ.તરસાડી, પો.કોસંબા, તા.માંગરોળ, જી.સુરત- ૩૯૪૧૨૦એ તેઓના પોતે સાબીર મહંમદ સાદીક શેખનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.
૧. નોંધણી કરાવવાની છે તેનું નામ : સાબીર મહંમદ સાદીક શેખ
૨. જન્મ તારીખ: ૦૧/૦૫/૧૯૬૭
૩. જન્મનું સ્થળ : મોજે.તરસાડી, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે સાબીર મહંમદ સાદીક શેખના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
માંડવી પ્રાંત, જી.સુરત

સંક્ષિપ્ત સમાચાર

આમોદમાં ભરૂચ જિલ્લા પ્રજાપતિ સમાજની મીટિંગ યોજાઇ

આમોદ : આમોદમાં ગાંધીચોક વિસ્તારમાં આવેલા જૈન બોર્ડિંગ ખાતે ગત રોજ પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ભરૂચની જિલ્લા કક્ષાની મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રાર્થના અને સંગઠન મંત્ર દ્વારા બેઠકની શરૂઆત થઈ કરવામાં આવી હતી. સમાજના હિતને ધ્યાનમાં રાખીને પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રજાપતિ સમાજના ભાઈઓ,બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રજાપતિ સમાજની મિટિંગમાં સંગઠનના પ્રમુખ રાકેશભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ હરેશભાઈ લાડ,મહામંત્રી ઇશ્વરભાઇ પ્રજાપતિ, સતિષભાઈ ઓઝા અને સંગઠનના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જે પરિવારનો સહયોગ રહ્યો છે તેવા એન.સી.પ્રજાપતિ પરિવારના નિશાંતભાઈ, કિશનભાઇ તથા ઈલાબેન પ્રજાપતિનું સમાજ તરફથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરમાં વિધવા, જરૂરિયાતમંદ મહિલાઓને કિટનું વિતરણ કરાયું

અંકલેશ્વર: યુવા રાણા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ અંકલેશ્વર દ્વારા સમાજલક્ષી સેવાકીય પ્રવૃતિઓ અંતર્ગત ભરૂચીનાકા નજીક આવેલ જલારામ મંદિર રાણા પંચ વાડી ખાતે ગંગાસ્વરૂપ તથા નિરાધાર બહેનોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત સમાજની અંદાજે ૩૫ જેટલી ગંગાસ્વરૂપ તથા નિરાધાર બહેનોને અન્નકિટ, સાડી, કુકર, સાબુ, ટુવાલ, બેગ સહિત જીવન ઉપયોગી કુલ 27 પ્રકારની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરભોણ વિભાગ કેળવણી મંડળની સભા મળી

બારડોલી : બારડોલી તાલુકાના સરભોણ સ્થિત સરભોણ વિભાગ કેળવણી મંડળની મેનેજિંગ કમિટીની સભા સોમવારના રોજ પ્રમુખ મનહરભાઈ પટેલ (વાઘેચ)ના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં એજન્ડાના તમામ કામો સર્વાનુમતે મંજૂર થયા હતા. સભામાં મનહરભાઈના ધર્મપત્ની રેખાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સભામાં સંસ્થાના સહમંત્રી અજિતસિંહ સુરમાએ ગત સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું. સભામાં સને 2025-26ના વર્ષના કેળવણી મંડળના તેમજ શાળાના ઓડિટેડ વાર્ષિક હિસાબોની રજૂઆત અને મંજૂરી આપવામાં આવી હતી. આગામી સામાન્ય સભા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રમુખ મનહરભાઈ પટેલનો જન્મદિવસ હોય કેક કાપી તેમની સેવાની નોંધ લેવામાં આવી હતી. સભામાં ચંદુભાઈ પટેલ(નિણત), અમિત પટેલ, જીતુભાઈ પટેલ, અલ્કેશ દેસાઇ, જશવંત ઢીમ્મર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચમાં 5 વર્ષથી NIAનાં કેસમાં ફરાર બે ઝડપાયા

ભરૂચ: નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ (NIA) હેઠળ સજા પામીને છેલ્લા પાંચ વર્ષથી ફરાર ચાલી રહેલા બે આરોપીને ભરૂચ SOGએ ઝડપી લીધા છે. ભરૂચ SOGએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે SOG ટીમે સંજય માનસંગભાઇ પાટણવાડીયા (રહે., 65 ટેકરા ફળિયું, વિશ્વનાથ મહાદેવ મંદિર પાસે, અનાજ કલ્યાણની દુકાન, વગુસના, લુવારા, ભરૂચ) ની ધરપકડ કરી લીધી છે., ભરૂચ ત્રીજા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે તેમને NIA કલમ-138 હેઠળના ગુનામાં ત્રણ માસની સાદી કેદની સજા ફટકારી હતી, પરંતુ તે વોરંટથી ફરાર હતા. આરોપીને નબીપુર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. જ્યારે ભરૂચ SOGએ અંકલેશ્વર શહેર B ડિવિઝને ઝાલા વજુભાઈ ભરવાડ (રહે., 1, માયાનગરી ઝૂંપડપટ્ટી, ગડખોલ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ)ને ઝડપી લીધો છે. ભરૂચની ચોથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) કોર્ટે તેમને NIA કલમ-138 હેઠળ એક વર્ષની સાદી કેદની સજા કરી હતી. તેઓ પણ ધરપકડથી બચવા ફરતા હતા. તેમને અંકલેશ્વર શહેર B ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોંપી દેવામાં આવ્યો છે.

દેરોદ ગામે મોડી રાત્રિએ વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી

કામરેજ: કામરેજના દેરોદ ગલી શુભનંદની રેસિડન્સી વિભાગ-1 માં રવિવારના રોજ મોડી રાત્રિના આશરે 11.45 કલાકે સોસાયટીમાં મુકવામાં આવેલા ડી.જી.વી.સી. એલના વીજ ટ્રાન્સફોર્મરમાં અચાનક આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. જેના લઈને ફાયરવિભાગને જાણ કરવામાં આવતાં ફાયર વિભાગે સમગ્ર વિસ્તારમાં વીજ પુરવઠો બંધ કરાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. વધુ પડતાં ટ્રાન્સફોર્મર લોર્ડના કારણે આગ લાગી હોવાની આશંક વ્યક્ત કરવામાં આવી રહી છે.

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm, 10:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Bhooth Bangla - 12:00pm
Dhabkaaro-Gujarati
07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૧૯૩૪૩૭૯૮	મિલકત સામે લોન	૧. હેમન કિરીટભાઈ ઠાકોરે ૨. રીંકલ હેમન ઠાકોરે	૦૪.૦૨.૨૦૨૬	રૂા.૧૭,૩૬,૭૭૨.૫૬

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શ્રીનીકેતન ટાઉનશીપ નો ત્રીજો માળ નો ફ્લેટ નં.બી-૨૩ માપ ૬૭.૪૧ ચો.મી એટલે કે ૭૨૫.૦૦ ચો.ફુટ, મિલકત ના ભોયતળીયા ની જમીન ના વણવહેચાયેલ ૨૫.૧૫ ચો.મી એટલે કે ૨૭૦.૬૧ ચો.ફુટ હિસ્સા સહિત નું બાંધકામ જમીન સીટી સર્વે નં. ૧૨૪૮/એ રેવન્યુ સર્વે નં. ૬૯/૨+૪+૫+૬ જીલ્લા ભરૂચ સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા મોજે ઝાડેશ્વર, ગુજરાત,રાજ્ય ૩૯૨૦૦૧ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વ તરફ : ખુલ્લી જગ્યા, પશ્ચિમ તરફ : ફ્લેટ નં.બી-૨૪, ઉત્તર તરફ : પેસેજ અને લિફ્ટ પછી ટેરેસ, દક્ષિણ તરફ, : ખુલ્લી જગ્યા.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૬.૦૫.૨૦૨૬
સ્થળ : ભરૂચ, ગુજરાત